ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૭/૨૦-૨૧/ 2053 તારીખ : 12 JUL 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી બળવંતભાઈ સવજીભાઈ વોરા,**
**મું.વાળુકડ,**
**વણકરવાસ,પોલીસ સ્ટેશન સામેના ખાંચામાં,**
**તા.ઘોઘા**
**જી.ભાવનગર.**
**મો.નં. ૯૭૧૪૧ ૪૦૫૬૩.**

કેસ નં.૧૦૭/૨૦-૨૧

**વિષય : મીટર ન હોવા છતાં બિલ આવવા અંગે.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૩/૦૩/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૪/૦૩/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૭/૨૦-૨૧/૧૦૫૫ તા.૨૪/૦૩/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૫/૨૦-૨૧/૧૮૩૧ તા.૨૧/૦૬/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૧/૦૭/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.**
***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વરતેજ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૧૦૭/૨૦–૨૧**

વાદી :– **શ્રી બળવંતભાઈ સવજીભાઈ વોરા,**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૧/૦૭/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી બળવંતભાઈ સવજીભાઈ વોરા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી પી.સી.પંચાલ,કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી બળવંતભાઈ સવજીભાઈ વોરા, મું.વાળુકડ, તા.ઘોઘા, જી.ભાવનગર ની મીટર ન હોવા છતાં બિલ આવવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૭/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. અત્રેની કચેરીના પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૭/૨૦–૨૧/૧૦૫૫ તા.૨૪/૦૩/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૧/૦૭/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી બળવંતભાઈ સવજીભાઈ વોરા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.સી.પંચાલ,કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

અમે ૧ વર્ષ થી વરતેજ પીજીવીસીએલ ખાતે અને આપની કચેરી ખાતે દોડધામ કરી રહયા છીએ અને અરજીઓ કરી રહયા છીએ. અમે વગર કારણોસર આપના કર્મચારીઓની બેદરકારી ને કારણે હેરાન પરેશાન થઈ રહયા છીએ.

હું અરજદાર મીટર નો માલિક પોતે અરજી કરી રહયો છું કારણકે, આપે પંકજકુમાર વિનોદભાઈ વોરા ની અરજીનો કોઈ જવાબ આપેલ નથી.

અમે, ૨૦૧૬ ના રોજ મીટર નંખાવવા માટે અરજી કરેલ. ડિપોઝીટ પણ ભરેલ. પણ અમારે જે ઘરે મીટર નંખાવવાનું હતું, તે ઘરે કોર્ટ કેસ ચાલ્યો હોવાથી, અમે માત્ર મીટર નંખાવી શકયા નથી.

મીટર ન નંખાવેલ હોવા છતાં,બિલ આવવા લાગ્યા છે. અમે હજુ સુધી મીટર નંખાવેલ જ નથી તો બિલ કઈ રીતે આવી શકે ?

અમે આ બાબતની જાણ વરતેજ પીજીવીસીએલ ખાતે કરેલ. તેનો કોઈ જવાબ આવેલ નથી કે, કાર્યવાહી હાથ ધરેલ નથી કે રૂબરૂ સ્થળ તપાસ કરેલ નથી.

અમે પંકજકુમાર વિનોદભાઈ વોરા– જે મારો ભત્રીજો થાય તેમના દ્વારા બે અરજીઓ કરેલ જે આપે ધ્યાને લીધેલ નથી. જેમણે ૧૦/૨/૨૦૨૦ ના રોજ વરતેજ ખાતે અરજી કરેલ અને આપની કચેરી તારીખ.૦૫/૦૩/૨૦૨૧ ના રોજ આ જ વિષય બાબતે અરજી કરેલ. જે આપે ધ્યાને લીધેલ નથી કે તેનો જવાબ આપેલ નથી કે તેની કાર્યવાહી આગળ હાથ ધરેલ નથી.

આ સાથે અમારા જરૂરી તમામ દસ્તાવેજો ની સહી વેરીફાઈ કરશો. ખાસ જયારે મીટર ઘરે નાંખવા આવ્યા તે સમયે કોણે સહી કરી તે દસ્તાવેજ કારણ કે, અમારે જે જગ્યાએ મીટર નંખાવવાનું હતું તે જગ્યાએ મીટર નખવેલ જ નથી. આ મીટર નો કોઈ અતોપતો જ નથી.

આવેલ બિલ ની કોપી આ સાથે સામેલ છે.

અમે મીટર નખાવેલ જ નથી, તો તેનું જે બિલ આવેલ છે. તે ભરવાનો કોઈ સવાલ ઉભો થતો નથી. જે આપ જાણો છો. તો તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી.

અમારે જે જગ્યા એ મીટર નંખાવવાનું છે ત્યાં જે કોર્ટ કેસ ચાલી રહયો છે તે હજી પૂર્ણ થયેલ નથી. જેથી, હવે જયારે કેસ નો ચુકાદો આવશે ત્યારે, અમે ફરીથી મીટર નંખાવીશું. તો હાલ અમારી ડિપોઝીટ ની રકમ અમને પરત કરવા વિનંતી. આ સાથે આપ નોંધ લેશો કે, અમે મીટર વાપરેલ નથી કે, નંખાવેલ નથી તો હાલ સુધી અમારી જે કંઈ પણ બિલ ની રકમ આવેલ છે તે અમે ભરવા બંધાયેલ નથી. જે આપના કર્મચારીઓ ની ભૂલ છે. જેની હાની નુકશાન અમે ભોગવવા બંધાયેલ નથી. તો જે કંઈ પણ વસુલી ની રકમ છે તે જવાબદાર કર્મચારી પાસેથી વસુલશો અમારી પાસેથી નહી. અમને અમારી ભરેલ ડિપોઝીટ ના રૂપિયા કોઈપણ કપાત વગર આપવા વિનંતી.

આપના સ્તરેથી જે કંઈપણ કાર્યવાહી હાથ ધરવામાં આવે તેમાં અમારી પાસેથી કોઈ પૂછપરછ કરવી હોય કે વિશેષ જાણકારી જોઈતી હોય તો, અમે તે આપવા તૈયાર છીએ.

આ અરજી સાથે હવે અમે મીટર રાખવા માંગતા નથી તો કોઈપણ કપાત વગર અમને અમારી ડિપોઝીટ ના રૂપિયા દિવસ– ૧૫ માં ચેક થી કે બેક ખાતામાં પરત કરવા વિનંતી.

આપની જાણ માટે જણાવવાનું કે, મીટર બાબતે એવો કોઈ કિસ્સો બનેલ નથી કે બિલના રૂપિયા ભરેલ નથી એટલા માટે મીટર પણ જપ્ત કરવામાં આવ્યું હોય. જો આવી કોઈ કાર્યવાહી આપના દ્વારા કરવામાં આવેલ હોય તો તેની જાણ અમને નથી. આ માટે આપના કર્મચારીને જવાબદાર ગણી શકાય.

આપની કચેરી ઘણો બધો સમય લઈ લીધો છે અમારી સમસ્યાનું નિવારણ કરવામાં તો હવે વધુ સમય ના લેતા અમારી અરજી નો ૧૫ દિવસમાં નિકાલ કરવામાં આવે તેવી વિનંતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

વાદીની રજૂઆત અન્વયે જણાવવાનું કે, વાદી દ્વારા સીગલ ફેઈઝ ઘર વપરાશ માટે વર્ષ–૨૦૧૬ માં કનેકશન ની માંગણી કરવામાં આવેલ હતી.વાદી દ્વારા તા.૨૬/૧૨/૨૦૧૬ ના રોજ ૩૫૦૦+૫૨૪ એમ કુલ રૂા.૪૦૨૪/– રસીદ નં–૨૭૪૩૭૭–૭૮ તા.૨૬/૧૨/૨૦૧૬ ના રોજ તથા ટેસ્ટ રીપોર્ટ ની રકમ રૂા.૨૦/– રસીદ નં–૨૭૪૩૮૨ તા.૨૬/૧૨/૨૦૧૬ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ છે. પ્રતિવાદી દ્વારા તા.૧૫/૨/૨૦૧૭ ના રોજ વાદી ના સ્થળ ઉપર મીટર લગાવવા ગયા ત્યારે સદર સ્થળ ઉપર કોર્ટ કેસ ચાલતો હોય, વાદી દ્વારા મીટર લગાવવા દેવામાં આવેલ નથી. વાદીને આપવામાં આવેલ બિલ મીનીમમ ચાર્જ નું હોય અને વાદીએ ભરવાપાત્ર થતું હોય, સ્થળ ઉપર નાયબ ઈજનેર, વરતેજ દ્વારા રૂબરૂ સ્થળ રોજકામ કરવામાં આવેલ છે તે મુજબ સ્થળ ઉપર કોઈ મીટર લાગેલ નથી.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી બળવંતભાઈ સવજીભાઈ વોરા એ ગામ–વાળુકડ, તા.ઘોઘા માં ઘર વપરાશ ના સીગલ ફેઈઝ વિજ જોડાણ માટે રૂા.૩૫૦૦/– સર્વિસ કનેકશન ચાર્જ, રૂા.૫૨૪/– ડિપોઝીટ પેટે એમ કુલ રૂા.૪૦૨૪/– તા.૨૬/૧૨/૨૦૧૬ ના રોજ ભરપાઈ કરી, રૂા.૨૦/– ટેસ્ટ રીપોર્ટ સાથે ભરેલ. પ્રતિવાદીની કચેરીમાં ટેસ્ટ રીપોર્ટ રજૂ કરેલ.

૩.૨ તા.૧૫/૨/૨૦૧૭ ના રોજ પ્રતિવાદીના માણસોએ વાદીના વિજ જોડાણ નું મીટર લગાવવા માટે ગયેલ. પરંતુ, વિજ જોડાણ વાળા સ્થળ પર કોર્ટ કેસ ચાલતો હોય, વાદીએ મીટર લગાવવાની ના પાડેલ.

૩.૩ પ્રતિવાદીએ ત્યારબાદ વાદીને કોઈ તારીખ આપેલ નહી અને વાદીએ રજૂ કરેલ ટેસ્ટ રીપોર્ટ રદ કરેલ નહી અને તા.૧૩/૨/૨૦૧૭ ના વિજ જોડાણ ની ચાલુ કર્યા ની( નોન રીલીઝ) તારીખ થી મીનીમમ વિજ બિલ તા.૨૮/૭/૨૦૧૭ થી શરૂ કરેલ. દર દ્વિમાસીકે પ્રતિવાદીએ વાદીને ફીકસ ચાર્જ નું મીનીમમ બિલ એપ્રીલ–૨૧ સુધી ચાલુ રાખેલ. જેની કુલ રકમ પીઆરટી–૧૪૫ મુજબ રૂા.૭૧૭/– થાય છે.

૩.૪ પ્રતિવાદીએ વાદીના નોન રીલીઝ કનેકશન નું મીનીમમ ચાર્જ નું બિલ ૨ વર્ષ પછી કરવું જોઈએ જે બંધ કરેલ નહી અને એપ્રિલ–૨૧ સુધી ચાલુ રાખેલ.

૩.૫ પ્રતિવાદીએ ફોરમને રજૂ કરેલ જવાબ મુજબ પ્રતિવાદી ૨ વર્ષ ના મીનીમમ રૂા.૩૬૦/– વસુલ કરી અને બાકીની રકમ વાદીને તેની ડિપોઝીટ માંથી રીફંડ આપવા તૈયાર છે, તેવું જણાવેલ છે.

૩.૬ આજરોજ વાદીની ફોરમને મૌખિક રજૂઆત મુજબ, વાદીએ માંગેલ વિજ જોડાણ વાળા સ્થળમાં લીગલ મેટર પેન્ડીગ હોય, વાળુકડ ગામમાં જ તેના બીજા મકાનમાં વિજ જોડાણ આપવા માટે રજૂઆત કરેલ છે.

૩.૭ ઉપરના અવલોકનો પરથી હુકમ કરવામાં આવે છે કે, જો વાદી વાળુકડ ગામમાં તેની પોતાની માલીકીના અન્ય જગ્યા પરના આધારભૂત દસ્તાવેજ રજૂ કરે તો, વાદીએ માંગેલ વિજ જોડાણ તે મકાનમાં ચાલુ કરી આપવું. જો, વાદી તેમ ન કરી શકે તો, પ્રતિવાદીએ વાદીને ભરેલ ડિપોઝીટ ની રકમ માંથી ૨ વર્ષ ના મીનીમમ બિલ ની રકમ વસુલ કરી બાકીની રકમ વાદીને પરત કરવી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી જે.એમ.મેહતા)<br>સ્વતંત્ર સભ્યશ્રી | ગેરહાજર<br>(પી.એન.આજકીયા)<br>ટેકનીકલ સભ્યશ્રી | (એમ. આર.વજરીયા)<br>અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :– ૦૧/૦૭/૨૦૨૧.

Grievance Redressal Forum * Consumer
P.G.V.C.L.
Bhavnagar.